### હવે મશરૂમ માટે હિમાલય નહીં જવું પડે....

# અરવલ્લી ગિરિમાળાઓમાં ખેડૂતે ઉગાડી મશરૂમ

## મેઘરજ ઉકરડીના ખેડૂતની મશરૂમની ખેતીથી ત્રણ ગણી આવક રળી

મોડાસા, તા. ૪
ભારત દેશને કિસાનોનો દેશ ગણવામાં આવે છે કેમ કે ભારત દેશની અંદર ઘણા લોકો એવા છે કે આજે પણ ખેતી કરીને પોતાનું જીવનનું ગુજરાન ચલાવતા હોય છે.ત્યારે અમુક ખેડૂતો એવા પણ છે કે જે પોતાની અનોખી ટેક્નિક અને બુદ્ધિ નો ઉપયોગ કરી અને આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને મબલખ ઉત્પાદન કરે છે.મશરૂમ ધીરે ધીરે ગુજરાતીઓની થાળીમાં જોવા મળી રહ્યું છે ગુજરાતમાં પણ મશરૂમની ડિમાન્ડ વધતા હવે ખેડૂતો મશરૂમની ખેતી શરૂ કરી છે ગુજરાતીઓને મશરૂમ માટે હિમાચલ પ્રદેશ કે જમ્મુ કાશ્મીર સુધી જવાની જરૂર નથી અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ઉકરડી ગામના ખેડૂતે મશરૂમ ઉઘાડી વેચાણ શરૂ કરતા ખર્ચ કરતા ત્રણ ગણી આવક મેળવી રહ્યા છે રાજયભરના ખેડૂતો પ્રગતીશીલ ખેતી કરનારા લવજીભાઈ પ્રિયદર્શીની મુલાકાત લઈ રહ્યા છે ખેડૂતે ગુજરાત રાજ્યમાં અનેક વિસ્તારમાં ખેડૂતો અલગ અલગ પ્રકાર ની ખેતી કરતા હોય છે અને ગણા ખેડૂતો ને એમાં ફાયદો પણ થાય છે તેમજ ગણા ખેડૂતો ને નુકશાન વેઠવાનો વારો આવે છે ત્યારે ઘણા ખેડૂતો અલગ પ્રકારની ખેતી તરફ વર્યા છે જેમાં મેઘરજ તાલુકાના ઉકરડી ગામના લવજીભાઈ પ્રિયદર્શી નામના ખેડૂતે ખેતીમાં નવીન ક્રાંતિ લાવવા અને મજૂરી થી બચવા માટે ફક્ત બે મહિનામાં તૈયાર થતી મશરૂમ ની ખેતી કરી અનેક ખેડૂતો ને અગાવું ઉદાહરણ પુરું પાડી ત્રણ ગણો નફો રળી રહ્યા છે ઉકરડીના ખેડૂતે મશરૂમની ખેતી કરી ખેતીના ખર્ચા કરતા ત્રણ ગણા રકમની આવક મેળવી નવીન ખેતી તરફ પ્રયાસ કર્યો છે ત્યારે આ ખેતી દ્વારા સમાજ તેમજ ખેડૂતોને અગાવું ઉદાહરણ પુરું પાડ્યું છે.

**મશરૂમની ખેતી કરવાની પદ્ધતિ,ખર્ચ અને ઉત્પાદન કઈ રીતે થાય છે તે વાંચો ખેડૂતના શબ્દોમાં**
ઉકરડી ગામના લવજીભાઈ પ્રિયદર્શી નામના ખેડૂતના જણાવ્યા અનુસાર મશરૂમ ની ખેતી એક એવી ખેતી છે કે જેને પ્લાસ્ટિક ની થેલી માં ઘાસ ની અંદર બિયારણ મુકવામાં આવે છે અને આ મશરૂમ ના બિયારણ ને ઠંડી જગ્યામાં રાખવામાં આવે છે અને સવાર સાંજે ફુવારાથી પાણી છાંટવામા આવે છે તેમજ આ એક યુનિટ પાછળ આશરે પાંચ હજાર નો ખર્ચો થતો હોય છે હાલ પ્રાયોગીક ધોરણે ૫૦ હજારના ખર્ચ દસ યુનિટ તૈયાર કર્યા છે મશરૂમ નો પાક બે મહિના પછી તૈયાર થતા ગુજરાત સહીત અન્ય રાજયમાં માંગ પ્રમાણે મોકલવામાં આવે છે જેમાં લીલી મશરૂમ પ્રતિ કિલો ૧૦૦ રૂપિયા અને સૂકી મશરૂમ ૮૦૦ રૂપિયાના ભાવે વેચાણ થાય છે



# અમદાવાદ-ઉદેપુર ને.હા.૮ પર શામળાજી પાસે બે ટ્રક બગડતા ભારે ટ્રાફિકજામ

## અનેક એમ્બ્યુલન્સ ફસાઈ : સિક્સલેનની કામગીરીથી લોકો તોબા

મોડાસા, તા. ૪
દિલ્હીથી મુંબઈને જોડતો, અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ સિક્સલેન બનાવવાનું કામકાજ પુરજોશમાં ચાલી રહ્યું છે સાથે અનેક જગ્યાએ રોડ ખોદવામાં આવ્યો હોવાની સાથે હાઈવે પર ઠેર ઠેર ડાયવર્જન પણ આપવામાં આવ્યા છે હાઈવે પર દોડતા વાહનો ડાયવર્જનના પગલે અચાનક સામ સામે આવી જતા નાની-મોટી અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે શામળાજી નજીક આપવામાં આવેલ સીંગલ ડાયવર્ઝનના પગલે વારંવાર ટ્રાફિકજામ સર્જાતો હોય છે ત્યારે બે ટ્રક ખોટકાઈ જતા ભારે ટ્રાફિકજામ થતા વાહનચાલકો અને લોકો તોબા પોકારી ઉઠ્યા છે ટ્રાફિકજામમાં ઈમરજન્સી સેવા મેળવવા માટે બાધારૂપ બની રહ્યો હોવાનો શામળાજીના સ્થાનીક લોકોએ આક્ષેપ કર્યો હતો સ્થાનિક પોલીસ અને જીલ્લા ટ્રાફિક પોલીસે ભારે જહેમત બાદ ટ્રાફિક પૂર્વરત કરવા કવાયત હાથધરી હતી સિક્સલેનનું મંથર ગતિએ ચાલતું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવેની લોકમાંગ પ્રબળ બની છે.

ગુરુવારે સવારે સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી પાસે નેશનલ હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. શામળાજી નજીક અપાયેલ સિંગલ ડાયવર્ઝન પર પસાર થતી બે ટ્રક ખોટકાઈ જવાના કારણે ટ્રાફિક જામ થયો હતો અનેક એમ્બ્યુલન્સ પણ ફસાઈ જતા ટ્રાફિકજામ જીવલેણ પણ બની શકેનું સ્થાનિકોએ આક્રોશ પૂર્વક જણાવ્યું હતું નેશનલ હાઈવેનું સિક્સલેનમાં રુપાંતરીત કરવાની કામગીરી ચાલી રહી હોવાથી એક સાઈડ ૫ કી.મી. થી વધુ લાંબો ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકો અટવાઈ ગયા હતા ટ્રાફિકજામ સર્જાતા પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિક પુર્વરત કરાયોહતો કલાકો સુધી ટ્રાફિકજામમાં ફસાયેલા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.



# જિલ્લામાં એસ.ટી.ના ૮૭૫ વિદ્યાર્થી રૂટ શરૂ : શૈક્ષણિક સંકુલો ધમધમ્યાં

બાયડ (બ્યુરોઓફિસ) તા.૦૪
કોરોનાની મહામારી ઉપર ધીરે ધીરે અંકુશ આવ્યો છે. સરકાર દ્વારા રસીકરણ શરૂ કરાયા પછી કોરોનાનું સંક્રમણ ઘટતાં હવે ધો.૯ થી ૧૨ ના શૈક્ષણિક વર્ગો ખાસ ગાઈડલાઈન સાથે શરૂ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા એસ.ટી. ડીવિઝન દ્વારા કોરોના કાળમાં બંધ ૮૭૫ વિદ્યાર્થી રૂટ ફરીથી શરૂ કરવામાં આવતાં બંન્ને જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યાથી શાળા સંકુલો ધમધમતાં થયાં છે. સરકારી ગાઈડલાઈન અનુસાર શાળાઓમાં વિદ્યાભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધવાની સાથે કોરોનાના ડર વગર વિદ્યાર્થીઓ ભણતર મેળવી રહ્યા છે.

સમગ્ર રાજયમાં કોરોનાના સંક્રમણ ઉપર નિયંત્રણ આવી ગયું છે. કોરોનાના રસીકરણ સાથે આશ્ચર્યજનક રીતે પોઝિટિવ કેસની સંખ્યામાં ઘટાડો થતાં સરકારે રાહત અનુભવી છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સંક્રમણ ઘટ્યું છે જેના કારણે રાજ્ય સરકારના

### કોરોનાના ડર વગર ભણતર

શિક્ષણ વિભાગ દ્વારા ધો.૯ અને ૧૧ ના શૈક્ષણિક વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખી શાળા સંચાલકો દ્વારા વિદ્યાભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે જેમાં શરૂઆતમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી જોવા મળી હતી પરંતુ એસ.ટી. વિભાગ દ્વારા કોરોના સંક્રમણ સમયે બંધ કરવામાં આવેલા વિદ્યાર્થી રૂટ ક્રમશઃ શરૂ કરવામાં આવતાં વિદ્યાર્થીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. એસ.ટી. વિભાગ દ્વારા બાયડ, મોડાસા, ઈડર, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, ભિલોડા, માણસા અને વિજાપુર એસ.ટી. ડેપો દ્વારા અગાઉ નિયમિત ચાલતી વિદ્યાર્થી ટ્રીપો શરૂ કરી દેવાઈ છે. જેના કારણે શૈક્ષણિક સંકુલો ધમધમતાં થઈ ગયાં છે. શાળા સંકુલોમાં ખાસ કોવિડ ગાઈડલાઈનની સૂચનાઓ અને પાલન અનુસાર વર્ગો શરૂ કરવામાં આવતાં કોરોનાનો ડર વિદ્યાર્થીઓના માનસપટ ઉપરથી દૂર થઈ રહ્યો છે. બંન્ને જિલ્લામાં સંક્રમણના ડર વગર હવે ધો.૯ થી ૧૧ ના વર્ગોમાં શિક્ષણ કાર્ય પાટે ચઢી રહ્યું છે.

## શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ઝાલાનગરના દાતાશ્રીઓ દ્વારા રૂ.૧,૧૧,૦૦૦નું સમર્પણ...




રાયગઢ, તા.૦૪
અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામ જન્મભૂમિ મંદિરના નિર્માણ કાર્યનો આરંભ થઈ ગયો છે ત્યારે શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે સમગ્ર દેશભરમાં નિધિ સમર્પણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત હિંમતનગર તાલુકાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ખેડૂત, વેપારી અને શ્રમજીવી વર્ગ સહિત ધર્મપ્રેમી જનતા દ્વારા નિધિ સમર્પણમાં સારો સહયોગ મળી રહ્યો છે. હિંમતનગર તાલુકાના રાયગઢ પંથકના ઝાલાનગર ગામના વતની અને મ્ઢ ઈન્ટરનેશનલ બ્રોકિંગ પ્રાઈવેટ લિમિટેડના સ્હ્ઢ શ્રી ભુપેન્દ્રસિંહ પરબતસિંહ ઝાલા તરફથી અયોધ્યા ખાતેના શ્રીરામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે રૂ.૧,૧૧,૦૦૦/- નો ચેક વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓને અર્પણ કર્યો હતો. તેમની આ ભાવનાને સૌએ બિરદાવી હતી.

**હિંમતનગર તાલુકામાં મંદિર નિર્માણ માટે પ્રજાનો મળતો અમૂલ્ય સહયોગ...**



### જાખેલના નિવૃત આર્મી જવાનનું શાહી સ્વાગત...

ભારતીય આર્મીમાં ૧૭ વર્ષની ફરજ ગૌરવભેર પૂર્ણ કરી માદરે વતન બનાસકાંઠામાં પરત ફરેલ જાખેલ ગામના ભરતભાઈ જોષીનું પાલનપુર, ડીસા, ભીલડી,શિહોરી, થરા ખાતે સમસ્ત બ્રહ્મ સમાજ યુવા ટીમ દ્વારા શાહી સ્વાગત કરવામાં આવ્યું હતુ .મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજ સીવાય અન્ય સમાજના લોકોએ પણ હાજરી આપી વય નિવૃત આર્મી જવાનને હરખભેર વધાવી લીધો હતો. આર્મી જવાન ભરતભાઈ જોશીએ સ્વાગત બદલ તમામનો ઋણ સ્વીકાર કરી ફરજ દરમ્યાન થયેલા દિલધડક અનુભવો અને સંસ્મરણો વાગોળી યુવાનોને આર્મીમાં જોડાઈ દેશ સેવા કરવા પ્રોત્સાહિત કર્યા હતા.આગેવાનોએ તેમને નિવૃત્તિ જીવન સુખમય અને નિરોગી નિવડે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી, નાયબ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીએ કોરોનાની રસી લીધી

**ગુરૂદેવો સુરક્ષિત : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૧ હજાર પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિન આપવાની શરૂઃ કોરોના વેક્સિન લેવી મરજીયાત, શિક્ષકોનો કોરોના વેક્સિન માટે ઉત્સાહ ફીફ્ટી-ફીફ્ટી**





બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪
કોરોના સામે બાથ ભીડવાના સરકાર અનો આરોગ્ય વિભાગના પ્રયાસો સફળ રહ્યા છે. કોરોનાને હરાવવા માટે વેક્સિન જિલ્લામાં આવી છે અનો ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને રસી આપવાની શરૂઆત થઈ છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૧ હજાર પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિન આપવાની શરૂઆત ૪૦ બુથ મારફતે છેલ્લા ૨ દિવસથી ચાલી રહી છે. સરકાર ગમે તેટલા સારા કામ કરે અનો વેક્સિન માટે અપીલ કરે પરંતુ આજે પણ શિક્ષકો ઉપર પ્રજાનો ભરોસો અતૂટ રહ્યો છે. શિક્ષકોએ વેક્સિન માટે ફીફટી-ફીફટી ઉત્સાહ દર્શાવી દરેક વ્યક્તિએ કોઈપણ પ્રકારના ડર અને ગેરસમજમાં આવ્યા વગર કોરોનાની રસી લેવી જોઈએ તેવી અપીલ કરી છે. અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીરભાઈ પટેલે મોડાસાના બુથ નં.૧ માં કોરોનાની વેક્સિન લઈ શિક્ષકોને પ્રોત્સાહીત કર્યા હતા.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧૯૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોનાથી જિલ્લામાં મૃત્યુ આંક ૩૮ જાહેર કરાયો છે. જિલ્લાના અનેક પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત થયા છે. હોમલર્નિંગ કાર્યક્રમ દરમ્યાન ચેપ લાગવાથી ૨ શિક્ષકોના મોત નિપજયા હતા. શિક્ષકોએ કોરોનાના કપરા કાળમાં પોતાના જીવની પરવા કર્યા વગર વિદ્યાર્થીઓને તેમના ઘરે જઈ હોમલર્નિંગ તેમજ સરકાર દ્વારા અનાજ વિતરણ સહિતની જે કામગીરી સોંપવામાં આવી તે નિભાવી હતી છતાં શિક્ષક સમાજને સરકાર દ્વારા અન્યાય કરવામાં કોઈ કચાસ રખાતી નથી. કોરોનાના કપરા કાળમાં ડૉક્ટર, નર્સ, મેડીકલ અને પોલીસ સહિતના સ્ટાફને જે સન્માન મળ્યું છે તે શિક્ષકોને નથી મળ્યું તેમ છતાં કોઈપણ પ્રકારના સન્માનની અપેક્ષા વગર પ્રા.શિક્ષકોએ રાષ્ટ્ર ધર્મ નિભાવ્યો છે. હવે શિક્ષકોને કોરોના વેક્સિન આપવાની શરૂઆત થઈ છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકાના પ્રા.શિક્ષકોને તબક્કાવાર કોરોના વેક્સિનેશન માટે જે તે બુથ ઉપર બોલાવવામાં આવ્યા હતા. સવારથી જ નિયત કરાયેલા બુથ ઉપર પ્રા.શિક્ષકોએ કોરોના રસી લીધી હતી અને નિર્ધારીત કરાયેલા સમય અનુસાર આરોગ્ય વિભાગે શિક્ષકોને ઓબ્ઝર્વેશન હેઠળ રાખ્યા હતા. કોરોના વેક્સિન લીધા પછી કોઈને પણ આડઅસર થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

### સાબરકાંઠા ડી.પી.ઓ. મેસેજ મળ્યા પછી કોરોના વેક્સિન લેશે

**સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિક્ષણ વિભાગના અધિકારીઓ અને પ્રા.શિક્ષકોને કોરોના વેક્સિન આપવાની શરૂઆત થઈ છે ત્યારે સાબરકાંઠા ડી.પી.ઓ., હરેશભાઈ ચૌધરીએ જણાવ્યું કે વેક્સિન લેવા માટે મને હજુ મેસેજ મળ્યો નથી. છેલ્લા ૨ દિવસથી નિયત કરાયેલા બુથ ઉપર પ્રા.શિક્ષકો કે જેમને વેક્સિન માટે મેસેજ મળ્યા હોય તેમનું વેક્સિનેશન ચાલી રહ્યું છે. પોતાને વેક્સિનેશન માટેનો મેસેજ મળશે એટલે બુથ ઉપર જઈને વેક્સિનેશન કરાવશે તેમ જણાવ્યું છે.**

# પ્રાંતિજ ખાતે જાંબલી કોબીજનું વાવેતર કરવામાં આવ્યું

પ્રાંતિજ તા.૪
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ માં શાકભાજી ની ખેતી કરતાં ખેડૂતો હવે કલર રિંગ ખેતી તરફ વળ્યા હોય તેવું લાગી રહ્યું છે રંગીન ફલાવર અને ચાઈનીઝ કોબીજ અને હવે જાંબલી કોબીજ ની ખેતી કરી નવી વેરાયટી ની સાથે વિટામીન થી ભરપુર જાંબલી કોબીજ ની ખેતી કરી અખતરો કરવામાં આવ્યો છે .



પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજી ની ખેતીમાં પ્રાંતિજ સહિત તાલુકો અવલ નંબર છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં તૈયાર થયેલ શાકભાજી જીલ્લા સહિત અન્ય જિલ્લાઓ સહિત અન્ય રાજ્યોમાં વખણાય છે ત્યારે પ્રાંતિજ ના ખેડૂતો દ્વારા હાલ ફલાવર તથા કોબીજ ની રેગ્યુલર ખેતી સાથે કલર ફલાવર અને ચાઈનીઝ કોબીજ સાથે કલર કોબીજ ની ખેતી પણ કરવામાં આવી છે જેમા પીલુદા રોડ ઉપર મુખ્યત્વે ફલાવર-કોબીજ ની ખેતી કરતા વસંતભાઈ પટેલ દ્વારા પોતાના ખેતરોમાં આ વર્ષ અડધો વિધા જમીન માં જાંબલી કોબીજ નું વાવેતર કરવામાં આવ્યું છે અને તેનો બજાર ભાવ પણ મળી રહે છે બજાર માં તેનો હોલસેલ ભાવ ૨૦ કિલો ના ૪૦૦ થી ૪૫૦ ભાવ મળે રહે છે તો બજાર માં એક દંડો ૧૫ થી ૩૦ રૂપિયા સુધીમાં પણ વેચાય છે અને લગ્ન પ્રસંગો અને હોટલો માં આ જાંબલી કોબીજની માગ છે ત્યારે આ ખેડૂત દ્વારા હાલતો અડધો વિધો વાવેતર કર્યા પછી ભાવ મળતા તેવોએ અન્ય ખેડૂતો ને પણ જાંબલી કોબીજ વાવવા માટે જણાવ્યુ હતું તો જાંબલી કોબીજ ની માગ હાલતો અમદાવાદ-ગાંધીનગર માં છે પણ જેમ જેમ બજાર માં જોવા મલશે તેમતેમ અન્ય જિલ્લાઓ માં જશે તેમ તેની માંગ પણ વધશે.

**પ્રાંતિજના ખેડૂતો કલર રિંગ ખેતી તરફ વળ્યા : વિટામિનથી ભરપુર હોય છે જાંબલી કોબીજ હોટલોમાં લગ્ન પ્રસંગોમાં માંગ : ૪૦૦ થી ૪૫૦ બજાર ભાવ મળે છે : અમદાવાદ અને ગાંધીનગરમા પુષ્કળ માંગ**

# સાબરકાંઠામાં જીરું, વરિયાળીનો પાક ફૂગજન્ય રોગના ભરડામાં...

## વરિયાળીમાં કાળીયો ધોળીયો અને જીરૂમાં સુકારાનો રોગ દેખાતા ખેડૂતો ચિંતિત...





ગાંભોઈ, તા.૦૪
સાબરકાંઠા જિલ્લામાં ઠંડુગાર વાતાવરણ સાથે વાદળો છાવતા વહેલી સવારે ઝાકળ પડવાથી વરિયાળી અને જીરૂના પાકમાં કેન્સર જેવા ગણાતા કાળીયો, ધોળીયો અને સુકારા નામે ઓળખાતા રોગે ભરડો લેતાં ખેડૂતવર્ગમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારના ખેડૂત જેઠાભાઈ પટેલે જણાવ્યું હતું કે ઝાકળ વર્ષાના કારણે હાલ ઠંડા પવન સાથે પાકમાં ઠાર પડવાથી જીરુ અને વરિયાળીના ઉભા પાકમાં ફુગજન્ય રોગના ઉપદ્રવ થવા માંડ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં વર્ષોથી જીરું અને વરિયાળીના પાકનું વાવેતર થતું આવ્યું છે. આ વર્ષે પણ મોટા પ્રમાણમાં જીરું અને વરિયાળીના પાકનું વાવેતર ખેડૂતોએ કરેલ છે. પરંતુ હાલ રાત્રે ઠંડી અને દિવસે વાદળછાયા આકાશને કારણે વરિયાળીમાં કાળીયો અને ધોળીયો નામે ઓળખાતો રોગ વરીયાળીના દાણાના ફુમતા પર દેખાવા માંડ્યો છે. જેના કારણે છોડની વૃદ્ધિ અટકી જઈ છોડ શુષ્ક બની જાય છે. ત્યારબાદ વરિયાળીના ઉત્પાદન પર ફટકો પડતાં ખેડૂતવર્ગને નુકસાન થવા સંભવ છે.

જીરુમા સુકારા નામે ઓળખાતો કેન્સર જેવો રોગના ઉપદ્રવથી ખેતરોમાં વાવેતર કરેલ જીરુંના છોડ સુકાઈ જઈને નાશ પામવાના આરે છે. પરિણામે ખેતરોમાં લહેરાતો જીરૂ પાક સુકાઈ જતાં રાતોરાત ખાલીખમ થઈ જવા માંડ્યા છે. જેથી જીરુંનું ઉત્પાદન નહિવત થશે તેમ ખેડૂત વર્ગ માની રહ્યો છે.

જીરુ અને વરિયાળી પાકમાં ઉપદ્રવ પામેલ રોગ સામે રક્ષણ મેળવવા ખેડૂતો જંતુનાશક દવાનો છંટકાવ કરી પાકને બચાવવા પ્રયાસો કરી રહ્યા છે. મોંઘાદાટ ખાતરો, બિયારણો અને જંતુનાશક દવાઓ પાછળ ઊંચો ખર્ચ કર્યા બાદ ખેતી પાક પર કુદરતી આપત્તિ સામે જગતના તાત ગણાતા ખેડૂતોના માથે ચિંતા અને હતાશાના વાદળો ઘેરાયા છે. ખેતરોમાં તૈયાર થયેલો ઉભો પાક હાથમાંથી સરી જતા ખેડૂતો માટે મોં માં આવેલો કોળીયો ઝૂંટવાઈ જાય તેવી હાલ પરિસ્થિતિ ઊભી થવા પામી છે.